# ગુજરાત વિધાનસભા.

-----------

## પંદરમી વિધાનસભા

## આઠમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

મંગળવાર, ૨૪ માર્ચ, ૨૦૨૬

બપોરે ૧૨:૦૦ વાગ્યે

-----------

1. **<u>પ્રશ્નોત્તરી</u>**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(1) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, આયોજન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, ખાણ અને ખનિજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો

(2) માનનીય જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(3) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(1) ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**....... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(2) ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**....... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(3) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**....... માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(4) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**.......માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(5) ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયા**

(i) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(6) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ**

(7) ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**........માનનીય રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(8) ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**........માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(9) ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**........માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(10) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>........માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત</u>

(11) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજપત્ર અને સન ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર

<u>........માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત</u>

(12) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ

<u>....... માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ</u>

(i) સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ

(13) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>......સામાન્ય વહિવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ</u>

(14) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ ગુજરાત રાજ્યની અંદર કાર્યરત માહિતી કેન્દ્રોના સંચાલન, વ્યવસ્થા, જાળવણી અને સહાયને લગતું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનું તા.૧૭-૨-૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક- જીએચએસટી/૦૧/૨૦૨૬/ડીએસટી/એમએસએમ/ ઇફાઇલ/૨૪/૨૦૨૫/૧૪૭૮/આઇટી

<u>..... માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા</u>

## 3. <u>વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત</u>

(1) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

<u>.....સમિતિના માનનીય પ્રમુખશ્રી અભેસિંહ તડવી/સભ્યશ્રી</u>

(2) જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવા/સભ્યશ્રી**

## 4. સરકારી વિધેયકો

(1) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

.........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(2) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(3) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા.

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી**

## 5. બિન-સરકારી કામકાજ

### (1) બિન-સરકારી વિધેયક

**દાખલ કરવાનું બિન-સરકારી વિધેયક**

(i) સન ૨૦૨૬નું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક

**......માનનીય સભ્યશ્રી ગોપાલ ઇટાલીયા**

### (2) બિન-સરકારી સંકલ્પો

**(i) માનનીય સભ્યશ્રી અનિરુધ્ધ દવેનો સંકલ્પ (૫૯ મિનિટ)**

આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પર્યાવરણીય સંરક્ષણ અને ક્લાઈમેટ ચેન્જ માટે સામૂહિક અને વ્યક્તિગત કાર્યવાહી થકી રાષ્ટ્રીય પહેલ અને અન્ય દેશો સાથે મળીને અનેક વૈશ્વિક પહેલ શરૂ કરી છે.પર્યાવરણની જાળવણી માટે ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી વિશ્વને પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન માટે જે રાહ ચીંધવા માટે Mission LiFE(Lifestyle for Environment) અભિયાનની પહેલ શરુ કરેલ છે.આ એક એવો ખ્યાલ છે જે પર્યાવરણને અનુલક્ષીને આપણી જીવનશૈલીમાં ફેરફાર કરે છે. આ આપણને આપણા સંસાધનોનો ખૂબ જ કાળજીપૂર્વક ઉપયોગ કરવાનું શીખવે છે. આ આપણને રોજિંદા જીવનમાં Circular Economyના ખ્યાલને અમલમાં મૂકવાની પણ યાદ અપાવે છે.

આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરેલો બીજો ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો પંચામૃત છે. ગ્લાસગો, યુનાઇટેડ કિંગડમમાં આયોજિત યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ(UNFCCC)ના કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ(COP26)નાર૬ મા સત્રદરમિયાન માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિકાસશીલ દેશોની ચિંતાઓ વ્યક્ત કરી અને ક્લાઇમેટ ચેન્જ એક્શન પ્લાન અંગેના પાંચ અમૃત તત્વો (૧) વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટબિન-અશ્મિભૂત(નોન ફોસીલ) ઉર્જા ક્ષમતા, (૨) વર્ષ ૨૦૩૦ સુધીમાં આ ઉર્જા જરૂરિયાતોના ૫૦ ટકા renewable energyથી, (૩) વર્ષ ૨૦૩૦ સુધીમાં કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો, (૪) વર્ષ ૨૦૩૦ સુધીમાં વર્ષ ૨૦૦૫ ના સ્તર કરતાં અર્થતંત્રની કાર્બન તીવ્રતામાં ૪૫ ટકાનો ઘટાડો તેમજ (૫) વર્ષ ૨૦૭૦ સુધીમાં net zero carbon emissionના લક્ષ્યને પ્રાપ્ત કરવા અંગે જણાવ્યું છે. આમાં નવીનીકરણીય ઉર્જાના ઉપયોગ અને અશ્મિભૂત ઇંધણના વપરાશમાં ઘટાડા પર ભાર મૂકવામાં આવેલ છે. તેમણે વિશ્વને કલાઇમેટ ચેન્જના જોખમો સામે ટકી રહેવા માટે માર્ગ મોકળો કર્યો છે.

માનનીય વડાપ્રધાનશ્રી પેરિસ કરારના પણ મુખ્ય સમર્થક રહ્યા છેઅને તેને "climate justice"ની જીત ગણાવેલ છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે વર્ષ ૨૦૧૬ માં પેરિસ કરારને બહાલી આપેલ છે. પેરિસ કરાર અને ભારતનો રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ(NCAP) પૂરક માળખા છે, જેમાં NCAP હવાની ગુણવત્તા અને ઉત્સર્જન ઘટાડા સંબંધિત કલાઇમેટ પ્રતિબધ્ધતાને પૂર્ણ કરવામાં મદદ કરે છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની પહેલથી ભારતે ફ્રાંસના સહયોગમાં ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સની સ્થાપના કરી છે અને તેનું મુખ્ય મથક હરિયાણાના ગુરૂગ્રામમાં રાખવામાં આવ્યું છે. આજે આ એલાયન્સમાં ૧૧૨ સભ્ય દેશો અને ૧૪ સિગ્નેટરી દેશો છે. ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ(ISA) સંસ્થાનો હેતુ સૌર ઉર્જાથી સંપન્ન દેશોને એક મંચ પર લાવીને અશ્મિભૂત ઈંધણ(fossil fuels) પરની નિર્ભરતા ઘટાડવાનો અને સ્વચ્છ ઉર્જાના વપરાશને પ્રોત્સાહન આપવાનો છે. જે સ્વચ્છ ઉર્જા ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા માટે "એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ" દ્રષ્ટિકોણ હેઠળ વૈશ્વિક સ્તરે સૌર ઉર્જાને પ્રોત્સાહન આપે છે.

એપ્રિલ, ૨૦૨૩ માં સ્થપાયેલ ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ(IBCA) વૈશ્વિક જોડાણમાં સાત મોટી બિલાડીની પ્રજાતિઓ(વાઘ, સિંહ, ચિત્તો, હિમ ચિત્તો, દીપડો, જેગુઆર અને પુમા)ના સંરક્ષણ માટે આ એલાયન્સમાં જોડાયેલા દેશો સાથે ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ભાગીદારી કરેલ છે.

વર્ષ ૨૦૨૩માં દુબઈમાં યોજાયેલ COP28 માં જાહેર કરાયેલ ગ્રીન ક્રેડિટ પહેલ કાર્બન ક્રેડિટ ઉપરાંત સ્વૈચ્છિક પર્યાવરણીય ક્રિયાઓ જેમ કે, પાણી સંરક્ષણ અને કચરાના વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપે છે. આમ, ભારત તેની આ પહેલો દ્વારા 'વસુધૈવ કુટુંબકમ', આખી પૃથ્વી એક પરિવાર છે - ની ભાવના સાથે પર્યાવરણ જાળવણીના વૈશ્વિક લક્ષ્યો હાંસલ કરવા પ્રયત્નશીલ છે. માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા વૈશ્વિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણ અને જાળવણી માટેની પહેલ માટે આ સભાગૃહ માનનીય વડાપ્રધાનશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને માનનીય વડાપ્રધાનશ્રીના આ પ્રયાસો વધુ વેગવંતા બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(ii) **માનનીય સભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણનો સંકલ્પ (૫૯ મિનિટ)**

સરકારશ્રી દ્વારા રાજ્યમાં નલ સે જલ યોજના થકી ઘર ઘર સુધી પાણી પુરૂ પાડવા માટે બજેટમાં ખૂબ મોટી રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આ કામગીરી પૂર્ણ કરવા માટે વિવિધ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવેલા છે. આ એજન્સીઓને નિયમાનુસાર પાણી સમિતિઓના અહેવાલના આધારે ચૂકવણાં પણ કરવામાં આવ્યાં છે. પરંતુ રાજ્યમાં ઠેર ઠેર અનેક ગામોમાં નળ દ્વારા પાણી પહોંચવા બાબતે અનેક ફરિયાદો મળેલ છે. આ ફરિયાદો મુજબ પાણી પુરૂ પાડવા માટેની પાઇપો હલકી ગુણવત્તાની તેમજ નાની સાઇઝની છે. જેને પરિણામે પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતું ન હોવાની તેમજ પાઇપો ફાટી જતી હોવાની ઘટના ઘટે છે.

રાજ્યમાં નાગરિકોને નલ સે જલ યોજના અંતર્ગત પાણી પહોંચે અને જે ખામીઓ અને ફરિયાદો સામે આવી છે તેની તપાસ કરી, લોકોના ઘર સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(iii) ×× (3) **માનનીય સભ્યશ્રી ડી. કે. સ્વામીનો સંકલ્પ**

ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ નારી શક્તિને સમાજમાં પૂરતું સન્માન અને અવસર મળે તેમજ તેના થકી સમાજનો વિકાસ થાય તે માટે "નારી શક્તિ વંદના"ની વિચારધારા રજૂ કરેલ છે. નારી શક્તિ ભારતના ભવિષ્યના કેન્દ્રબિંદુ સમાન છે. ભારત દેશ જ્યારે અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે ''નારી શક્તિ'' માત્ર એક સૂત્ર નથી રહ્યું પરંતુ રાષ્ટ્રીય મિશન બની ગયું છે. જ્યારે નારી સશક્ત બને છે, ત્યારે માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ આખો સમાજ આગળ વધે છે.

ગુજરાત સરકારે આ વિચારને સાકાર કરવા માટે અનેક લોક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકેલ છે. ''વ્હાલી દીકરી યોજના'' દ્વારા દીકરીના જન્મને પ્રોત્સાહન આપી તેના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત આધાર પૂરો પાડવામાં આવી રહ્યો છે. "ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના" દ્વારા વિધવા મહિલાઓને આર્થિક આધાર આપી તેમને સન્માનપૂર્ણ જીવન જીવવાની શક્તિ આપવામાં આવી રહી છે. અંદાજે ૧૪૦૦૦ જેટલી બાલિકા પંચાયતોની રચના કરી નારી શક્તિને સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં સહભાગી બનાવવામાં આવી રહી છે. ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર અને "માતા યશોદા એવોર્ડ" જેવી પહેલ કરવામાં આવી છે જે મહિલાઓના ઉત્કૃષ્ટ કાર્યને સન્માનિત કરીને સમાજમાં પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. આજે ગુજરાતની મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા અને પરિશ્રમથી નવી ઊંચાઈ સર કરી રહી છે. ક્યારેક ઘર સુધી મર્યાદિત માનવામાં આવતી મહિલાઓ આજેશિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, ઉદ્યોગ, કલા, સાહિત્ય અને સામાજિક સેવા જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે. ગુજરાતની મહિલાઓ માત્ર પોતાના પરિવારને જ નહીં પરંતુ સમગ્ર સમાજને સશક્ત, સંસ્કારી અને સમૃદ્ધ બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

આ સંદર્ભમાં એક સુંદર સંસ્કૃત વાક્ય યાદ આવે છે

नारीशक्तिःसमाजस्यप्राणः-સશક્ત નારી, સમૃદ્ધ સમાજ

રાજ્ય સરકાર મહિલાઓની શક્તિને બિરદાવવા અનેક યોજનાઓ આગળ વધારી રહી છે ત્યારે રાજ્ય સરકાર મહિલાઓના સશક્તિકરણ માટે આવી વધુને વધુ યોજનાઓ અમલમાં મૂકીને "નારી શક્તિ વંદના"ને અર્થપૂર્ણ બનાવવા માટે જરૂરી લાગે તે તમામ પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

×× માનનીય સભ્યશ્રી ડી. કે. સ્વામીનો સંકલ્પ નિયમ-૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.

| | |
|---|---|
| વિધાનસભા ગૃહ, | ચેતન પંડયા |
| ગાંધીનગર. | સચિવ, |
| તારીખ:23 માર્ચ 2026 | ગુજરાત વિધાનસભા. |